એકાકી સંવર્ગને ઉચ્ચતર પગાર ધોરણ
મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૪-૮૩-મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૪.

વંચાણે લીધોઃ- નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૯૪-૪૪-મ
તા. ૧૬-૮-૯૪.

**ઠ રા વ**

ઉપર દર્શાવેલ ઠરાવથી રાજયના સરકારી કર્મચારીઓ માટે ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મુકવામાં આવેલી છે. જયાં એકાકી જગ્યા હોય અને બઢતીની જગ્યા અસ્તિત્વમાં ન હોય તે સંજોગોમાં બઢતીની તમામ પ્રક્રિયા લાગુ પાડી ન શકાય. અર્થાત્ પસંદગી સમિતિની રચના કરવી વ્યવહારૂ ન ગણાય તેથી આવા સંજોગોમાં ઉચ્ચતર પગાર ધોરણ કોણે મંજુર કરવાનું રહે તે બાબત છેલ્લા કેટલાક સમયથી વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે જે એકાકી સંવર્ગને વર્ગ-૨ નું રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ નું કે તેથી ઉપરનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજુર કરવાનું થાય ત્યારે પાત્રતા ધરાવતા કેસોમાં સંબંધિત વહીવટી વિભાગ કક્ષાએ નિર્ણય કરી તે મંજુર કરવાનું રહેશે. જયારે તેથી નીચેના પગાર ધોરણ માટે નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્રતા ધરાવતા કેસોમાં ઉચ્ચતર પગાર ધોરણ અંગે નિર્ણય કરી મંજુર કરવા સક્ષમ ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એચ. ડી. સેઇલર**
ઉપ સચિવ,
નાણા વિભાગ.

...પાછળ જુઓ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર

  માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

  સચિવાલયના સર્વે વિભાગો.

  સર્વે ખાતાના / કચેરીના વડાઓ.

  એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

  એકાઉન્ટન્ટ જનરલ-૨(એકાઉન્ટસ એન્ડ એન્ટાઇટલમેન્ટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.

  નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.

  નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.

  સર્વે માન્ય મંડળો.

  સિલેકટ ફાઇલ, મ-શાખા.

---

- પત્ર દ્વારા